### અટલાદરામાં ભર ઉનાળે ચોમાસા જેવા દ્રશ્યો

# 10 વર્ષથી ગટર ઉભરાવાની સમસ્યાથી આક્રોશ

## વારંવારની રજૂઆતો છતાં તંત્ર નિંદ્રામાં; સ્થાનિકોએ કોર્પોરેટરો અને મીડિયા સામે પણ કાઢ્યો ગુસ્સો



(પ્રતિનિધિ) વડોદરા તા.3
વડોદરા શહેરના વોર્ડ નંબર 12માં આવતા અટલાદરા વિસ્તારના નારાયણવાડી પાસે આવેલા સત્સંગ કોમ્પ્લેક્સમાં છેલ્લા ઘણા સમયથી ગટર ઉભરાવાની ગંભીર સમસ્યા સર્જાઈ છે. ભર ઉનાળે આ વિસ્તારમાં ગટરના ગંદા પાણી રસ્તા પર ફરી વળતા ચોમાસા જેવી સ્થિતિ જોવા મળી રહી છે. સત્સંગ કોમ્પ્લેક્સમાં નાસ્તાની ગંદકી અને અસહ્ય દુર્ગંધના કારણે સ્થાનિક વેપારીઓનો ધંધો 30 થી 40 ટકા જેટલો ઘટી ગયો છે. સ્થાનિક વેપારીઓના જણાવ્યા અનુસાર, છેલ્લા 8 થી 10 વર્ષથી આ સમસ્યા યથાવત છે. તંત્રને અનેકવાર લેખિત અને મૌખિક રજૂઆતો કરવામાં આવી છે, પરંતુ તેનું કોઈ કાયમી નિરાકરણ આવતું નથી. કોર્પોરેશન દ્વારા ક્યારેક ટેન્કર મોકલીને પાણી ખાલી કરવામાં આવે છે, પરંતુ થોડા જ કલાકોમાં ફરી ગટર ઉભરાવા લાગે છે. સ્થાનિકોનો આક્ષેપ છે કે અધિકારીઓ માત્ર કામગીરીના ફોટા પાડીને સંતોષ માને છે. સત્સંગ કોમ્પ્લેક્સમાં નાસ્તાની દુકાન અને અન્ય વ્યવસાય કરતા વેપારીઓએ જણાવ્યું હતું કે ગટરના ગંદા પાણી દુકાનોની સામે જ ભરાઈ રહેતા હોવાથી ગ્રાહકો આવતા અટકી ગયા છે. મચ્છરોનો ઉપદ્રવ વધતા માંદગીનો ભય પણ સતાવી રહ્યો છે.

એક વેપારીએ રોષ સાથે જણાવ્યું હતું કે, "અમે ટેક્સ નિયમિત ભરીએ છીએ, તેમ છતાં અમને પાયાની સુવિધાઓ મળતી નથી. જો વેરો ના ભરીએ તો કોર્પોરેશન સીલ મારવા આવે છે, પણ ગટર સાફ કરવા કોઈ આવતું નથી." સ્થાનિકોના મતે, આ ડ્રેનેજ લાઈન 20-25 વર્ષ જૂની છે. તે સમયે આ વિસ્તારમાં ઓછી સોસાયટીઓ હતી, પરંતુ હવે મોટી હાઈરાઈઝ બિલ્ડીંગો અને કોમ્પ્લેક્સ બનતા ડ્રેનેજ લાઈન પર ભારણ વધ્યું છે. જૂની લાઈન હોવાને કારણે તે વારંવાર ચોક-અપ થઈ જાય છે અને પાણી બેક મારે છે. સ્થાનિકોમાં નગરસેવકો સામે ભારે રોષ જોવા મળ્યો હતો. લોકોએ આક્ષેપ કર્યો કે ચૂંટણી સમયે મતો માંગવા આવતા નેતાઓ સમસ્યાના સમયે ક્યાંય દેખાતા નથી. કેટલાક રહીશોએ તો આગામી ચૂંટણીમાં મતદાન પર પણ સવાલ ઉઠાવ્યા હતા. લોકોની માંગ છે કે આ સમસ્યાનું કાયમી નિરાકરણ લાવવામાં આવે, નહીં તો આગામી દિવસોમાં ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

### થ્રી વ્હીલર ટેમ્પો પાછળ ત્રણ કાર વારાફરતી ભટકાઈ, ટેમ્પો ચાલક ફરાર

# માણેજા વિસ્તારમાં 4 વાહનો વચ્ચે વિચિત્ર અકસ્માત, જાનહાનિ ટળી

(પ્રતિનિધિ) વડોદરા તા.3
વડોદરા શહેરના માણેજા વિસ્તારમાં એક સાથે ચાર વાહનો વચ્ચે વિચિત્ર અકસ્માત સર્જાયો હતો. જેમાં એક ટેમ્પો સહિત કુલ ચાર વાહનો એકબીજા સાથે અથડાયા હતા. મળતી માહિતી મુજબ, રસ્તા પર જતા ટેમ્પો ચાલકે અચાનક બ્રેક લગાવતા પાછળથી આવી રહેલી ત્રણ કાર એક પછી એક પાછળથી અથડાઈ ગઈ હતી. અકસ્માત બાદ ટેમ્પો ચાલક ઘટના સ્થળેથી ફરાર થઈ ગયો હતો. જેને લઈને પોલીસ તેની શોધખોળ હાથ ધરાઈ છે. આ અકસ્માતના કારણે માણેજા વિસ્તારમાં ભારે ટ્રાફિક જામ સર્જાયો હતો. જેના કારણે મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. લાંબા સમય સુધી વાહનોની



લાઈનો લાગી રહી હતી અને ટ્રાફિક વ્યવસ્થા ખોરવાઈ ગઈ હતી. બીજી તરફ, સ્થાનિક લોકોએ આ અકસ્માત માટે માર્ગ ઉપર કરવામાં આવતી આડેધડ પાર્કિંગને જવાબદાર ગણાવી છે.

વિસ્તારમાં રસ્તા પર ગેરકાયદેસર રીતે પાર્ક કરાયેલા વાહનોના કારણે વાહનવ્યવહાર માટે પૂરતી જગ્યા રહેતી નથી, જેના કારણે વારંવાર અકસ્માત અને ટ્રાફિકની સમસ્યાઓ ઉભી થાય છે. સ્થાનિકોમાં આ મુદ્દે રોષ ફેલાયો છે અને લોકોનો સવાલ છે કે આવી આડેધડ પાર્ક કરાતા વાહનો સામે ટ્રાફિક પોલીસ દ્વારા કડક કાર્યવાહી કેમ કરવામાં આવતી નથી ? યોગ્ય પગલાં લેવામાં આવે તો આવા અકસ્માતોને અટકાવી શકાય છે તેવું સ્થાનિકો જણાવી રહ્યા છે.

### પરિવાર સાથે સુખદ મિલન પણ કરાવાયું

# છાણીના ગુમ થયેલા કિશોરને સહી સલામત શોધી કઢાયો

(પ્રતિનિધિ) વડોદરા તા.3
વડોદરા શહેરમાં નોંધાયેલા અપહરણના કેસમાં છાણી પોલીસે ઝડપી અને અસરકારક કામગીરી કરી ગુમ થયેલા કિશોરને ગણતરીના દિવસોમાં સલામત રીતે શોધી કાઢતા પોલીસની કામગીરીને વખાણ મળી રહ્યા છે. પોલીસે હાલોલ ના તાડિયા ગામેથી બાળકને શોધી કાઢ્યા બાદ વડોદરા લાવી માતા પિતાને પરત સોંપ્યો હતો. વડોદરા શહેરના છાણી વિસ્તારમાં રહેતા કિશોર ને તેના માતા પિતાએ કોઈ કારણોસર ઠપકો આપ્યો હતો.તેને લાગી આવતા તેને ઘરમાં કોઈને જાણ કર્યા વિના નીકળી ગયો હતો. જેની ફરિયાદ છાણી પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી. ત્યારે ગુમ થયેલા કિશોરને શોધી કાઢવાની પોલીસ કમિશ્નર નરસિમ્હા કોમાર દ્વારા સુચના આપવામાં આવી હતી. દરમિયાન પોલીસ ઈન્સપેક્ટર આર.એલ. પ્રજાપતિના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ જે.જે. ડાભી અને ટીમે ટેકનિકલ સર્વેલન્સ તથા હ્યુમન સોર્સીસની મદદથી માહિતી એકત્ર કરી હતી. ગુમ થયેલો કિશોર હાલોલ તાલુકામાં હોવાની માહિતી મળી હતી. જેથી પીઆઈએ છાણી પોલીસની એક ટીમને પંચમહાલ જિલ્લાના હાલોલ તાલુકામાં રવાના કરી હતી. બાતમી આધારે તપાસ કરતા બાળક હાલોલ તાલુકાના તાડિયા ગામ નજીકથી કિશોર હોય ત્યાં જઈને તેને શોધી કાઢવામાં આવ્યો હતો. પોલીસે પુછપરછ કરતા કિશોરે જણાવ્યું હતું કે માતા-પિતાના ઠપકાને કારણે મને લાગી આવતા ઘરમાં કોઈને જાણ કર્યા વગર ઘરેથી નીકળી ગયો હતો. બાદમાં કાઠિયાવાડ વિસ્તારમાં થોડા દિવસ રોકાઈ હાલોલ નજીક પોતાના મામાના ગામે રહેતો હતો. છાણી પોલીસે કિશોરને સલામત રીતે શોધી કાઢી વડોદરા લવાયો હતો અને તેના તેના માતા-પિતાને પોલીસ સ્ટેશન ખાતે બોલાવ્યા બાદ સહી સલામત રીતે સોંપવામાં આવ્યો હતો.

### આગોતરી જાહેરાતથી પંચમહાલ જિલ્લાના સ્થાનિક રાજકારણમાં ભારે ગરમાવો આવી ગયો

# આમ આદમી પાર્ટીએ પંચમહાલ જિલ્લા પંચાયત માટે ઉમેદવારોની યાદી જાહેર કરી

ગોધરા : ગુજરાતમાં આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી-2026 ને લઈને રાજકીય ગરમાવો વધી રહ્યો છે, ત્યારે આમ આદમી પાર્ટી ગુજરાત દ્વારા પંચમહાલ જિલ્લા પંચાયત માટે ઉમેદવારોની બીજી સત્તાવાર યાદી જાહેર કરવામાં આવી છે. રાષ્ટ્રીય પોલિટિકલ સમિતિ અને ગુજરાત રાજ્ય ચૂંટણી સમિતિની મંજૂરી બાદ 3 એપ્રિલ 2026ના રોજ બહાર પાડવામાં આવેલી આ યાદીમાં પંચમહાલ જિલ્લા પંચાયતની કુલ 28 બેઠકો માટેના ઉમેદવારોના નામની જાહેરાત કરવામાં આવી છે. પંચમહાલ જિલ્લામાં સત્તા કબજે કરવા માટે પાર્ટીએ ચૂંટણી જંગમાં પોતાના ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા છે. જાહેર કરાયેલી યાદી મુજબ પંચમહાલ જિલ્લા પંચાયતની અંબાલી, અણીયાદ, અસારડી, બોરીયા, દલવાડા, ધામણોદ, એરલ, એરંડી, જાંબુઘોડા, કાંકણપુર, કંજરી, કાનપુર, કરોલી, ખરોડ, મંગલીયાણા, મોરા, નદિસર, પાલા, પિંગળી, રજાયતા, રાવળીયા, સાલિયા, સામલી, સીમલીયા, તરખંડા, વાડી, વંદેલી અને વાવકુંડલી એમ કુલ ૨૮ બેઠકો પરથી ઉમેદવારો નક્કી કરવામાં આવ્યા છે. પાર્ટીના પ્રદેશ પ્રભારી ગોપાલ રાય, પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી

| ક્રમ | બેઠક | ઉમેદવાર | ક્રમ | બેઠક | ઉમેદવાર |
|---|---|---|---|---|---|
| ૨૭૧ | અંબાલી | હીરાભાઈ નાયક | ૨૮૫ | મંગલીયાણા | બારીયા અરવિંદસિંહ |
| ૨૭૨ | અણીયાદ | વણકર મધુબેન | ૨૮૬ | મોરા | ખાંટ અજીતભાઈ બળવંતસિંહ |
| ૨૭૩ | અસારડી | મમતાબેન ભીમાભાઈ રજત | ૨૮૭ | નદિસર | મકવાણા કિરણકુમાર |
| ૨૭૪ | બોરીયા | નાયક અરવિંદભાઈ પ્રતાપભાઈ | ૨૮૮ | પાલા | સંગીતાબેન વિજયભાઈ રાઠવા |
| ૨૭૫ | દલવાડા | સોનલબેન તાવીયાડ | ૨૮૯ | પિંગળી | મહંત જયેશકુમાર |
| ૨૭૬ | ધામણોદ | નાયકા વિનુભાઈ | ૨૯૦ | રજાયતા | બારીઆ સોનલબેન પિયુષભાઈ |
| ૨૭૭ | એરલ | નીરૂબેન રાઠવા | ૨૯૧ | રાવળીયા | રમીલાબેન લક્ષ્મણભાઈ પરમાર |
| ૨૭૮ | એરંડી | કવિતા પ્રવિણભાઈ રાઠવા | ૨૯૨ | સાલિયા | દુબે વરસાબેન પ્રસાદભાઇ |
| ૨૭૯ | જાંબુઘોડા | કિંજલબેન અક્ષયભાઈ બારિયા | ૨૯૩ | સામલી | પરમાર રાજેશકુમાર |
| ૨૮૦ | કાંકણપુર | વિનોદકુમાર સોલંકી | ૨૯૪ | સીમલીયા | રાઠવા તકીબેન |
| ૨૮૧ | કંજરી | રમીલાબેન વિરેન્દ્રકુમાર રાઠવા | ૨૯૫ | તરખંડા | લક્ષ્મણભાઈ પરમાર |
| ૨૮૨ | કાનપુર | ચૌહાણ પુષ્પાબેન | ૨૯૬ | વાડી | પટેલ સુરેશભાઈ |
| ૨૮૩ | કરોલી | સીતાબેન પરમાર | ૨૯૭ | વંદેલી | ઠાકોર અજમેલસિંહ રતનસિંહ |
| ૨૮૪ | ખરોડ | બારીયા જ્યોતિકાબેન | ૨૯૮ | વાવકુલ્લી | મગનભાઈ ચંદ્રભાઈ કોળી |

અને પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયાની સહી સાથે આ સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. ચૂંટણી પંચની આચારસંહિતાની મર્યાદામાં રહીને પાર્ટીએ વહેલાસર ઉમેદવારો જાહેર કરી દીધા હોવાથી આ તમામ 28 ઉમેદવારોને સ્થાનિક સ્તરે પ્રચાર અને લોકસંપર્ક માટે પૂરતો સમય મળી રહેશે. આમ આદમી પાર્ટીની આ જાહેરાતથી પંચમહાલ જિલ્લાના સ્થાનિક રાજકારણમાં ભારે ગરમાવો આવી ગયો છે અને હવે ચૂંટણીનો આ જંગ વધુ રસપ્રદ બની રહેશે.

### વડોદરામાં ફરી શાંતિ ડહોળવાનો પ્રયાસ

# વ્યાયામશાળામાં બકરાનું કપાયેલું માથું નાંખતા રોષ

(પ્રતિનિધિ) વડોદરા તા.3
વડોદરા શહેરમાં હનુમાન જયંતી જેવા પવિત્ર દિવસે શાંતિ ભંગ કરવાનો તરકટ રચવામાં આવ્યું હતું. અસામાજિક તત્વોએ નવાયાર્ડ વિસ્તારમાં આવેલી વ્યાયામશાળાને નિશાન બનાવી તેમાં બકરાનું કપાયેલું માથું નાખીને હિન્દુ લોકોની ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચાડવાનો પ્રયાસ કરાયો હતો. વડોદરા શહેરના નવાયાર્ડ રેલવે કોલોનીમાં આવેલી વ્યાયામશાળામાં અસામાજિક શખ્સ દ્વારા બકરાનું કપાયેલું માથું નાખવામાં આવ્યું હોવાની ઘટના ચકચાર મચાવી છે છે.

આ ઘટનાથી સ્થાનિક હિન્દુ સમાજમાં ભારે રોષ ફેલાયો હતો અને વાતાવરણમાં તણાવ સર્જાયો હતો. ઘટનાની જાણ થતા જ હિન્દુ યુવકો દ્વારા રેલવે પોલીસ કંટ્રોલ રૂમમાં માહિતી આપવામાં આવી હતી. જેના પગલે પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી તપાસ શરૂ કરી હતી. પોલીસે હાલમાં અજાણ્યા શખ્સ વિરુદ્ધ ગુનો દાખલ કરી કાર્યવાહી હાથ ધરી છે. આ કૃત્ય પાછળ કોણ છે અને તેનો હેતુ શું હતો તે જાણવા માટે પોલીસે વિવિધ દિશામાં તપાસ શરૂ કરી છે. શહેરમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસે પેટ્રોલિંગ પણ વધાર્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે કપાયેલું બકરાનું માથું નાખીને શહેરની શાંતિ ભંગ કરવા સાથે હિન્દુ લોકોની ધાર્મિક લાગણીને પણ ફેંસમાં પહોંચાડવા માટેનો પ્રયાસ કરાયો હતો.

ઉલ્લેખનિય છે કે, શહેરમાં અસામાજિક તત્વો દ્વારા કરવામાં આવતા શાંતિ ડહોળવાના પ્રયાસ સામે પોલીસ તંત્ર કડક પગલા ભરે તેવી વિસ્તારના રહીશોની માગ છે.

### જી.એમ.ઈ.આર.એસ. ગોત્રી હોસ્પિટલના ડો. હિરેન સોનીની અનોખી સિદ્ધિ

# ચીર-ફાડ વગર 300 સફળ ઓપરેશનનો આંકડો પાર કર્યો

(પ્રતિનિધિ), વડોદરા. તા.3
વડોદરાની જી.એમ.ઈ.આર.એસ. (ગોત્રી) હોસ્પિટલ આજે માત્ર ગુજરાત જ નહીં પરંતુ વૈશ્વિક સ્તરે તબીબી ક્ષેત્રે ચર્ચાનું કેન્દ્ર બની છે. નિમિત્ત છે, હોસ્પિટલના ઈ.એન.ટી. (ENT) વિભાગના વડા ડો. હિરેન સોનીની વિરલ સિદ્ધિ. તબીબી વિજ્ઞાનમાં જ્યારે સર્જરીની વાત આવે ત્યારે દર્દીના મનમાં કાપકૂપ અને ટાંકાનો ફાળ પડે તે સ્વાભાવિક છે, પરંતુ ડો. હિરેન સોનીએ આ પરંપરાગત માન્યતાને બદલી નાખી છે. તેમણે અત્યાધુનિક ટેકનોલોજીના સહારે કોઈપણ પ્રકારની ચીર-ફાડ વગર 300 જેટલી સફળ સર્જરી પૂર્ણ કરીને એક નવો કિર્તીમાન સ્થાપિત કર્યો છે. તાજેતરમાં સુરેન્દ્રનગરથી એક અત્યંત જટિલ કેસ ગોત્રી હોસ્પિટલ ખાતે આવ્યો હતો. દર્દીના મોઢાના ભાગે



લાળગ્રંથિમાં પથરી હોવાને કારણે અસહ્ય પીડા અને સોજો હતો. અનેક જગ્યાએ તપાસ કરાવ્યા બાદ દર્દીને ઓપરેશન માટે ચહેરા પર મોટો કાપ મૂકવાની સલાહ આપવામાં આવી હતી, જેનાથી ચહેરાની નસોને નુકસાન થવાનું જોખમ હતું. પરંતુ ડો. હિરેન સોનીએ પોતાની આગવી સૂઝબૂઝથી એન્ડોસ્કોપી પદ્ધતિનો ઉપયોગ કર્યો. ગણતરીના સમયમાં, બહારના ભાગે એક પણ ડાઘ કે ચીરો પાડ્યા વગર, કુશળતાપૂર્વક આ પથરી દૂર કરી હતી. આ સફળ ઓપરેશન સાથે જ તેમણે તેમની કારકિર્દીના 300 આવા જટિલ ઓપરેશનોનો માઈલસ્ટોન સર કર્યો છે. સામાન્ય રીતે નાક, કાન કે ગળાની આંતરિક સર્જરીમાં વિઝિબિલિટી ઓછી હોવાને કારણે ડોક્ટરો ઓપન સર્જરીનો આગ્રહ રાખતા હોય છે. જોકે, ડો. સોનીની વિશેષતા એ છે કે, શરીર પર એક પણ ટાંકો કે ડાઘ પડતો નથી. દર્દી ઓપરેશનના ગણતરીના કલાકોમાં જ હરતું-ફરતું થઈ જાય છે. ગુજરાતના ખૂણે-ખૂણેથી એવા કેસો તેમની પાસે આવે છે જેને અન્ય હોસ્પિટલોએ "જોખમી" ગણાવી નકારી દીધા હોય. વિદેશમાં મોંઘીદાટ અને જટિલ ગણાતી સર્જરીઓ કરાવવાને બદલે લોકો વડોદરાની ગોત્રી હોસ્પિટલ પર અને ડો. સોનીના અનુભવ પર વિશ્વાસ મૂકી રહ્યા છે.

### ફતેગંજમાં પત્નીને મેસેજ કરવા મામલે વિવાદ

# પતિનો વેપારી પર બેટ-છરાથી જીવલેણ હુમલો

(પ્રતિનિધિ) વડોદરા તા.3
ફતેગંજ વિસ્તારમાં રહેતાં પતિએ પત્નીને મેસેજ કરવાના મુદ્દે ઉશ્કેરાયો હતો. ત્યારબાદ પતિએ વેપારી પર બેટ અને છરી વડે હુમલો કરી ગંભીર ઈજા પહોંચાડી હતી. જેથી વેપારીને લોહી લુણ હાલતમાં સારવાર માટે એસએસજી હોસ્પિટલમાં ખસેડાયો હતો ત્યાં તેમને માથામાં ચાર ટકા આવ્યા હતા.

ફતેગંજમાં ચિકન શોપનો વ્યવસાય કરતા મોહમદ ફારૂક ગુલામ કાદર શેખ (ઉ.વ.44) બપોરના સમયે પોતાના ઘરે હાજર હતા. તે દરમિયાન તેમના કારખાનામાં કામ કરતા કારીગર મુસ્તફાશાહ ઉર્ફે બબલુનો ફોન આવ્યો હતો કે ફૈસલ ઈફતીઆરખાન પઠાણ કારખાનામાં આવી તેમની પત્નીને મેસેજ કરવાના મુદ્દે ઝઘડો કરી રહ્યો છે. થોડી જ વારમાં ફૈસલ પઠાણ સીધો ફારૂકભાઈના ઘરની નીચે આવી પહોંચ્યો અને ઉશ્કેરાઈ જઈ બેટ વડે તેમના માથાના ડાબા ભાગે જીવલેણ હુમલો કર્યો હતો. આ હુમલાથી ફારૂકભાઈને ભારે ઈજા પહોંચી અને લોહી વહેવા લાગ્યું હતું. હુમલા દરમિયાન તેમણે પોતાની બચાવ માટે નજીકમાં પડેલી લાકડી વડે પ્રતિકાર કરવાનો પ્રયાસ કર્યો હતો. આ દરમ્યાન આરોપી વધુ આક્રમક બની નજીકની દુકાનમાંથી માંસ કાપવાનો ધારદાર છરો લઈ આવ્યો હતો અને ફારૂકભાઈના જમણા હાથ પર હુમલો કર્યો હતો. જેના કારણે ઈજા પહોંચી હતી. ઘટનાની જાણ થતાં ઈજાગ્રસ્ત ને ભત્રીજા આસીફ કુરેશીએ તાત્કાલિક સારવાર માટે એસ.એસ.જી.માં ખસેડ્યા જ્યાં માથામાં ચાર ટાંકા આવ્યા છે. વેપારીએ ફરિયાદ નોંધાવતા પોલીસે આ મામલે ફૈસલ ઈફતીઆરખાન પઠાણ (રહે. કમાટીપુરા, ફતેગંજ) વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ગોધરામાં વાતાવરણમાં પલટો સાંજે છૂટાછવાયા છાંટા પડતાં ખેડૂતો ચિંતિત

(પ્રતિનિધિ) વડોદરા તા.3
પંચમહાલ જિલ્લાના ગોધરા પંથકમાં હવામાનમાં ગઈકાલે વહેલી સવારથી જ અચાનક ફેરફાર નોંધાયો હતો. દિવસ દરમિયાન આકાશમાં વાદળો છવાયેલા રહેતા સૂર્યનો આકરો તડકો ગાયબ રહ્યો હતો. વાદળછાયા વાતાવરણના કારણે છેલ્લા કેટલાક દિવસોથી ગરમીથી ત્રસ્ત લોકોને મોટી રાહત અનુભવાઈ હતી અને લોકોએ હાશકારો લીધો હતો. જોકે, લોકોની આ રાહત વચ્ચે સાંજ પડતાં જ વાતાવરણ વધુ બદલાયું હતું. ગોધરા અને આસપાસના ગામોમાં સાંજના સમયે આકાશમાં ફરીથી કાળા વાદળો ઘેરાવા લાગ્યા હતા. સાંજે ૬ વાગ્યાના અરસામાં કેટલાક વિસ્તારોમાં છૂટાછવાયા વરસાદી છાંટા પડવાનું શરૂ થયું હતું. એક તરફ સામાન્ય લોકોને ગરમીથી રાહત મળી છે, પરંતુ બીજી તરફ આ પ્રકારના કમોસમી માહોલને પગલે ખેતી કરતા વર્ગમાં ભારે ચિંતા પ્રસરી ગઈ છે.

### પાંચ લોકોએ ભેગા મળી લાકડાના ફટકા માર્યા

# અજબડી મીલ પાસેના પંપ પર કર્મચારી પર હુમલો

(પ્રતિનિધિ) વડોદરા તા.3
વડોદરા શહેરના અજબડી મિલ ઠેકરનાથ મહાદેવ મંદિર સામેના પેટ્રોલ પંપ પર પેટ્રોલ પુરાવવા મુદ્દે બબાલ થઈ હતી. સામાન્ય બાબતે થયેલી બોલચાલીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરી લીધું હતું.આ ઘટનામાં પેટ્રોલ પંપના કર્મચારી સાથે મારામારી અને ધમકી આપવામાં આવી હતી. જેથી કર્મચારીઓ સિટી પોલીસ સ્ટેશનમાં પાંચ લોકો વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી છે.

વડોદરા શહેરના હરણી રોડ ઉપર આવેલા સંગમ સ્વાદ ક્વાર્ટર્સમાં રહેતા રાહુલભાઈ રમેશભાઈ નાયકાએ નોંધાવેલી ફરિયાદ મુજબ તેઓ સાંજના સમયે પોતાની નોકરી પર હાજર હતા. ત્યારે એક એક્ટિવા ચાલક બોટલમાં પેટ્રોલ લેવા આવ્યો હતો. કર્મચારીએ બોટલમાં પેટ્રોલ આપવાનો ઈનકાર કરતાં આ શખ્સે પહેલા વાહનમાં પેટ્રોલ ભરાવ્યું અને પછી ટાંકીમાંથી કાઢીને બોટલમાં આપવાની માંગણી કરી હતી. કર્મચારીએ ફરીથી ના પાડતાં આ શખ્સ ઉશ્કેરાઈ ગયો અને ગાળો આપી ઝપાઝપી શરૂ કરી દીધી હતી. તેણે કર્મચારીને ઢોર માર મારી પોતાના મોબાઈલથી મિત્રોને બોલાવ્યા હતા. થોડા સમય બાદ તેના પાંચ-છ સાથીદારો કારમાં ધસી લાકડાના ફટકા લઈને ધસી આવ્યા હતા અને કર્મચારીને ડરાવવાનો પ્રયાસ કર્યો હતો. તમામ આરોપીઓએ મળીને બોલાચાલી કરી ધમકી આપી અને ત્યારબાદ સ્થળ પરથી ફરાર થઈ ગયા હતા. આ સમગ્ર મામલે સિટી પોલીસે પાંચ આરોપીઓ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### વાઘોડિયા રોડની પૃથ્વી સોસાયટીમાં તસ્કરો ત્રાટક્યા

# નિવૃત્ત શિક્ષકના ઘરમાંથી રૂા. 1.78 લાખની મતાની ચોરી

(પ્રતિનિધિ) વડોદરા તા.3
વાઘોડિયા રોડ ઉપર આવેલી સોસાયટીમાં રહેતા નિવૃત્ત શિક્ષક પરિવાર સાથે સંબંધીના ઘરે ધાર્મિક પ્રસંગમાં ગયા હતા. દરમિયાન તસ્કરોએ તેમના મકાન અને નિશાન બનાવ્યું હતું અને સોના ચાંદીના દાગીના તેમજ રોકડ રકમ મળી 1.78 લાખની મતાની ચોરી કરીને ફરાર થઈ ગયા હતા. નાનો દીકરો ઘરમાં ઊંઘ ઉતર્યો અને ચોરો ખેલ પાડીને ફરાર થઈ ગયા હતા. નિવૃત્ત શિક્ષકે ચોરીની ફરિયાદ નોંધાવી છે. વડોદરા શહેરના વાઘોડિયા રોડ વિસ્તારમાં આવેલ પૃથ્વી સોસાયટીમાં નિવૃત્ત શિક્ષક મગનભાઈ રણછોડભાઈ રોહિતના ઘરમાં ચોરીની ઘટના સામે આવી છે. બનાવ અનુસાર, ગત 2 એપ્રિલના રોજ રાત્રે પરિવાર સાથે કપુરાઈ વિસ્તારમાં સંબંધીના ઘરે ધાર્મિક પ્રસંગ હોય ત્યાં ગયા હતા. રાત્રે આશરે 10 વાગ્યે તેમનો નાનો દીકરો ઋત્વિકકુમાર પરિવાર સાથે ઘરે પરત આવી ગયો હતો અને પાછળના દરવાજે તાળું મારી ઉપરના રૂમમાં સુઈ ગયો હતો. 3 એપ્રિલના રોજ વહેલી સવારે મગનભાઈ ઘરે પરત ફરતા ફર્યા હતાં ત્યારે પાછળના દરવાજાનું તાળું તૂટેલ હાલતમાં જોવા મળ્યું હતું. અંદર તપાસ કરતા પૂજાના રૂમમાં રાખેલી બે તિજોરીમાં મુકેલા સોનાની ચેન-પેન્ડલ, સોનાની લગડી, ચાંદીના પાયલ, નાના બાળકોના ચાંદીના આભૂષણો તથા રૂ.40 હજાર રોકડ મળી અંદાજે રૂ.1.78 લાખની માલમત્તા ચોરી કરીને તસ્કરો ફરાર થઈ ગયા હોવાનું જણાઈ આવ્યું હતું. ચોરી દરમિયાન અજાણ્યા શખ્સોએ પાછળનો દરવાજો તોડી ઘરમાં પ્રવેશ કર્યો હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે.

# નિઝામપુરાની ઓફિસમાંથી એસીની કોપર પાઈપની વારંવાર ચોરી

વડોદરા : વડોદરા શહેરના નિઝામપુરા વિસ્તારમાં આવેલી ઓફિસમાં એસીની કોપર પાઈપ ચોરી થવાની ફરી એકવાર ઘટના બની છે. એક જ સ્થળે વારંવાર ચોરી થવાને કારણે વેપારીઓ અને ઓફિસ સંચાલકોમાં ચિંતાનો માહોલ ઉભો થયો છે. ફરિવાર તસ્કરો ઓફિસમાં લગાવેલી એસીના રૂ.70 હજારના કોપર પાઈપની ચોરી કરતા મામલો પોલીસ મથકે પહોંચ્યો છે. નિઝામપુરા વિસ્તારમાં રહેતા વિપુલભાઈ જયંતીભાઈ પરમાર (ઉ.વ. 36), જે છેલ્લા ઘણા વર્ષોથી પ્રોક્યુબ કોમ્પ્લેક્સમાં આવેલી ઓફિસમાં નોકરી કરે છે. ગત 2 એપ્રિલ 2026ના રોજ સવારે આશરે 7:30 વાગ્યે તેઓ ઓફિસની બહાર ગયા ત્યારે એસીની અંદાજે 10થી 12 ફૂટ લાંબી કોપર પાઈપ અજાણ્યા શખ્સો દ્વારા કોઈ સાધન વડે કાપી ચોરી કરી લઈ જવામાં આવી હોવાનું જણાયું હતું. ચોરી ગયેલી પાઈપની કિંમત અંદાજે રૂ.70 હજાર આંકવામાં આવી છે.

### વડીવાડી ફાયર બ્રિગેડની સતર્કતાથી મોટી હોનારત ટળી

# ગોત્રીના રુદ્ર રાજ ડુપ્લેક્સમાં આગ

(પ્રતિનિધિ), વડોદરા. તા.3
વડોદરાના પશ્ચિમ વિસ્તારમાં આવેલા ગોત્રી વિસ્તારમાં આજે એક રહેણાંક મકાનમાં અચાનક આગ ફાટી નીકળતા સમગ્ર પંથકમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ગોત્રીના રુદ્ર રાજ ડુપ્લેક્સમાં આવેલા એક મકાનમાં લાગેલી આ આગમાં ઘરવખરીનો કિંમતી સામાન બળીને ભસ્મીભૂત થઈ ગયો હતો. જોકે, ઘટનાની જાણ થતા જ ફાયર બ્રિગેડની ટીમે સમયસૂચકતા વાપરી આગ પર કાબૂ મેળવી લેતા મોટી દુર્ઘટના ટળી હતી. મળતી માહિતી મુજબ, ગોત્રી રોડ પર સ્થિત રુદ્ર રાજ ડુપ્લેક્સના એક બંધ મકાનમાંથી અચાનક ધુમાડાના ગોટેગોટા નીકળતા પાડોશીઓ અને સ્થાનિકોમાં ગભરાટ ફેલાયો હતો. જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. સ્થાનિકોએ તાત્કાલિક આ અંગે વડોદરા ફાયર સર્વિસને જાણ કરી હતી. આગનો કોલ મળતાની સાથે જ



વડીવાડી ફાયર સ્ટેશનની ટીમ ફાયર ફાઈટરો સાથે ઘટનાસ્થળે દોડી આવી હતી. ફાયર જવાનોએ તાત્કાલિક પાણીનો મારો ચલાવી આગને વધુ પ્રસરે તે પહેલાં કાબૂમાં લીધી હતી. મકાનના અન્ય હિસ્સાઓમાં આગ ફેલાય તે પહેલાં જ તેની પર નિયંત્રણ મેળવી લેવામાં આવ્યું હતું, જેના કારણે આસપાસના મકાનો સુરક્ષિત રહ્યા હતા. આગની આ ઘટનામાં મકાનમાં રહેલો તમામ ઘરવખરીનો સામાન, ફર્નિચર અને અન્ય કિંમતી વસ્તુઓ બળીને ખાખ થઈ ગઈ હતી. સદનસીબે, આગ લાગી ત્યારે મકાનમાં કોઈ હાજર ન હોવાથી મોટી જાનહાનિ ટળી હતી. પ્રાથમિક તપાસમાં આગ લાગવાનું કારણ શોર્ટ સર્કિટ હોવાનું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. આ ઘટનાને પગલે સોસાયટીના રહીશોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો, પરંતુ ફાયર બ્રિગેડની સમયસરની કામગીરીની સૌએ પ્રશંસા કરી હતી. હાલમાં ફાયર વિભાગ દ્વારા આગના ચોક્કસ કારણની તપાસ હાથ ધરવામાં આવી છે.

### સયાજી હોસ્પિટલમાં સારવાર હેઠળ ખસેડાઈ

# રાજમહેલ કમ્પાઉન્ડમાં ક્રિકેટ રમતી બાળકીને સાપ કરડ્યો

(પ્રતિનિધિ), વડોદરા. તા.3
વડોદરા શહેરના રાજમહેલ કમ્પાઉન્ડમાં ક્રિકેટ રમી રહેલી એક 11 વર્ષીય બાળકીને સાપ કરડવાની ઘટના સામે આવી છે. ઝાડીઓમાં ગયેલો ક્રિકેટ બોલ લેવા જતી વખતે બાળકીને સાપ કરડતા તેને ત્વરિત સારવાર માટે સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. સદનસીબે, સમયસર સારવાર મળતા બાળકીની હાલતમાં સુધારો હોવાનું જાણવા મળ્યું છે. મૂળ પંચમહાલ જિલ્લાના હાલોલ તાલુકાના નવાગામના રહેવાસી અજીતકુમાર નાયકની 11 વર્ષીય પુત્રી અપેક્ષા નાયક રાજમહેલ કમ્પાઉન્ડ વિસ્તારમાં અન્ય બાળકો સાથે ક્રિકેટ રમી રહી હતી. રમત દરમિયાન ક્રિકેટનો બોલ નજીકની ઝાડીઓમાં જતો રહ્યો હતો. અપેક્ષા જ્યારે ઝાડીઓમાંથી બોલ શોધવા માટે ગઈ, ત્યારે ત્યાં છુપાયેલા ધામણ પ્રજાતિના સાપે તેને ડંખ માર્યો હતો.



સાપ કરડતા જ બાળકીએ બૂમાબૂમ કરતા આસપાસના લોકો દોડી આવ્યા હતા. ઘટનાની ગંભીરતા જોઈ પરિવારજનો દ્વારા તેને તાત્કાલિક વડોદરાની સયાજી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. હોસ્પિટલના તબીબોના જણાવ્યા અનુસાર, બાળકીને જરૂરી ટ્રીટમેન્ટ આપવામાં આવી છે અને હાલ તેની તબિયત સ્થિર અને સુધારા પર છે. બદલાતી ઋતુમાં ઝાડી-ઝાંખરામાં સાપ નીકળવાની ઘટનાઓ વધતી હોય છે, ત્યારે વાલીઓને પોતાના બાળકો ખુલ્લા મેદાન કે ઝાડીઓ પાસે રમતા હોય ત્યારે સાવધ રહેવા તબીબો અને સાપ પકડતા નિષ્ણાતો દ્વારા અપીલ કરવામાં આવી છે.